

# આહ્‌વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૪૯ | એપ્રિલ - ૨૦૨૧ | પત્ર - ૯૩

## 'પુનરુત્થાન'

પ્રભુ ઈસુ ખ્રિસ્તે ઘણાઓના પાપ માથે લઈ એક જ વાર પોતાનું દોષ વગરનું બલિદાન આપ્યું અને વધસ્તંભ પર મરણ પામ્યા અને તેઓને કબરમાં મૂકવામાં આવ્યા. પરંતુ તેઓ કબરમાં રહ્યા નહિ અને ત્રીજે દિવસે સજીવન થયા એટલે કે પુનરુત્થાન પામ્યા. આ પ્રસંગ એ ઐતિહાસિક અને અદ્‌ભૂત ઘટના છે. આ ઐતિહાસિક અને અદ્‌ભૂત ઘટના પ્રમાણે પરાક્રમમમાં દેવના દીકરા ઠર્યા. રોમન ૧:૪. પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મ, જીવન, મરણ અને પુનરુત્થાન એ અજોડ અને અનોખી ઘટના છે.

પ્રભુ ઈસુનો યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશ થાય છે અને તેમના પુનરુત્થાનમાં તેમનો ભવ્ય વિજય જોઈ શકાય છે. પાપના બંધન અને ગુલામીમાંથી છોડાવવાને માટે તેઓએ રક્તપાત સુધી બાથ ભીડી મરણસ્તંભનું દુઃખ સહન કરી અને મરણ પામી ત્રીજા દિવસે પુનરુત્થાન પામ્યા. આ પ્રભુ ઈસુનો પાપ સામેનો ભવ્ય વિજય છે. વ્હાલાઓ અત્યારની આખા વિશ્વની કોરોના મહામારીની વિપત્તિ સંબંધી આપણે સર્વ જાણીએ છીએ. વિશ્વ લાચાર છે. તેની કોઈ ચોક્કસ દવા અથવા રસી નથી. સર્વ સંક્રમિત થયા કરે છે. આવી જ પરિસ્થિતિ પ્રભુ ઈસુના સમયમાં હતી. સઘળાએ પાપ કર્યું છે અને સઘળા દેવના મહિમા વિષે અધૂરા રહે છે. રોમન ૩:૨૩. આખા જગતને શેતાને પાપના સકંજામાં લીધા હતા. સર્વ પાપની ગુલામી અને બંધનમાં હતા. જગત લાચાર અને પાપમાં નાશ પામનાર હતું. આવા સમયે પ્રભુ ઈસુએ સર્વના પાપ પોતાના પર લઈ પાપ સંબંધી મરણ પામે છે અને પાપ ઉપર વિજય મેળવી ત્રીજા દિવસે પુનરુત્થાન પામે છે.

આમ, પ્રભુ ઈસુનું પુનરુત્થાન એ સર્વ માટે એક મહાન આશા અને આનંદનો સંદેશો છે. કારણ કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરી પાપોની માફી માગી પ્રાયશ્ચિત કરીએ છીએ ત્યારે આપણે પાપની ગુલામીમાંથી મુક્ત થઈ અનંત જીવનમાં પ્રવેશ કરીએ છીએ. સંત પાઉલ રોમન ૬:૨૩માં જણાવે છે તે પ્રમાણે પાપનો મુસારો મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે. વ્હાલાઓ આપણે પાપ સંબંધી પસ્તાવા દ્વારા મરણ પામીએ એટલે કે પાપ સંબંધી મરણ પામીએ. પરંતુ જેમ પ્રભુ ઈસુ પુનરુત્થાન પામ્યા, તેમ આપણે પણ વિશ્વાસથી દેવના સંબંધમાં જીવિત બનીએ છીએ. આપણું જૂનું માણસપણું વધસ્તંભે જડાય છે, પાપનું શરીર નિરર્થક થાય છે.

આમ, પ્રભુ ઈસુના પુનરુત્થાનમાં આપણે પાપ સંબંધી મરણ પામી દેવ સાથેના સંબંધમાં આવીએ છીએ ત્યારે આપણા શરીરના અવયવોને ન્યાયીપણાને હથિયાર થવા સારૂ દેવને સોંપીએ.

### જાહેરાત

- આપ મંડળીને તેમજ પાળક કુટુંબ અને પગી કુટુંબને પ્રાર્થનામાં ધરી રાખશો.
- જે તે સમય અને વાતાવરણમાં ભજનસેવા અને અન્ય સંગતો થાય તેમાં હાજરી આપશો.

### ખાસ આભાર

પ્રભુમાં વ્હાલા વિશ્વાસુ સભ્યગણ આપ સર્વએ ૨૦૨૦-૨૦૨૧ના વર્ષમાં જે-તે વાતાવરણ પરિસ્થિતિમાં આપના ધર્મદાનો વિશ્વાસુપણે ઉદારતાથી ચર્ચ એકાઉન્ટમાં રોકડમાં અને ચેક દ્વારા જમા કરાવેલ છે. તે બદલ આપ સર્વનો પુષ્કળ આભાર. પ્રભુ આપ સર્વને પુષ્કળ આશિષ આપો.

### નાણાંકીય અહેવાલ ફેબ્રુઆરી - ૨૦૨૧

| | | |
|---|---|---|
| તા. ૦૧-૦૨-૨૧ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૨૬,૭૨૭.૦૦ |
| | બેંકમાં | ૫,૩૪,૧૦૧.૬૫ |
| રોકડ તફાવત (ઓડિટ રિ. મુજબ) | | ૩૭૯.૮૮ |
| ફેબ્રુઆરી-૨૧માં થયેલ | આવક | ૬,૦૪,૦૪૫.૨૭ |
| | કુલ | ૧૧,૬૫,૨૫૩.૮૦ |
| તા. ૨૮-૦૨-૨૧ની બંધ સિલક | રોકડ | ૫૭,૫૦૮.૮૮ |
| | બેંક | ૪,૭૦,૭૩૬.૯૨ |
| ફેબ્રુઆરી-૨૧માં થયેલ | જાવક | ૬,૩૭,૦૦૮.૦૦ |
| | કુલ | ૧૧,૬૫,૨૫૩.૮૦ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર

પ્રભુમાં વ્હાલા સભ્યગણ આપ સર્વને
પાળક કુટુંબ તરફથી



## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ઈમાનુએલ એસ. ખ્રિસ્તી | લેન્ટઋતુ | ૨૦૦-૦૦ |
| ૨. | શ્રી અતુલભાઈ પી. મહિડા | બર્થડે | ૨૫૦-૦૦ |
| ૩. | શ્રી અતુલભાઈ પી. મહિડા | આભારસ્તુતિ | ૨૫૦-૦૦ |
| ૪. | શ્રીમતી પ્રફુલ્લાબહેન ડી. ચૌહાણ | આભારસ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૫. | શ્રીમતી રશ્મિબહેન સી. સોલંકી | આભારસ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૬. | શ્રીમતી લક્ષ્મીબહેન એફ. રાઠોડ | લેન્ટઋતુ | ૨૦૦-૦૦ |
| ૭. | મા. ઈશાન કે. ચૌહાણ (યુ.એસ.એ.) | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૮. | શ્રી કાંતિલાલ બી. સોલંકી | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૯. | શ્રી કોલીન એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૧૦. | કુ. જીની જે. મેકવાન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૧૧. | શ્રીમતી રીટાબહેન જે. કીન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૧૨. | શ્રી શરદકુમાર બી. વાઘેલા | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૧૩. | શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન<br>નવુ એક્ટીવા ખરીદ્યું અભિનંદન | આભારસ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૧૪. | શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહિલ | લેન્ટઋતુ | ૫૦૦-૦૦ |
| ૧૫. | શ્રીમતી મેરીબહેન જે. મેકવાન | આભારસ્તુતિ | ૧૦૦૦-૦૦ |
| ૧૬. | શ્રી ડિક્સનભાઈ એ. હેરી | લેન્ટઋતુ | ૨૦૦-૦૦ |
| ૧૭. | શ્રી ઓનિલ એ. ગામડીયા | લેન્ટઋતુ | ૫૦૦-૦૦ |
| ૧૮. | કુ. શ્વેતલ બી. અલવર | લેન્ટઋતુ | ૨૦૦-૦૦ |
| ૧૯. | શ્રી એન્થની પરમાર | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૨૦. | શ્રી આલાપભાઈ જે. માસ્ટર | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૨૧. | શ્રીમતી કલ્પનાબહેન એસ. મેકવાન | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૨૨. | શ્રી જીમ્મી એસ. ડેવિડ | આભારસ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૨૩. | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | આભારસ્તુતિ | ૧૦૦૦-૦૦ |
| ૨૪. | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | લેન્ટઋતુ | ૪૦૦૦-૦૦ |
| ૨૫. | કુ. મીનાક્ષીબહેન વી. ક્રિશ્ચિયન | આભારસ્તુતિ | ૧૦૦૦-૦૦ |
| ૨૬. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આભારસ્તુતિ | ૨૦૦-૦૦ |
| ૨૭. | જૉય એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૨૮. | શ્રીમતી ટ્વીંકલ ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૨૯. | શ્રીમતી પ્રકૃતિ એન. ક્રિશ્ચિયન (USA) | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૩૦. | શ્રી શામીભાઈ એ. ગામડીયા | આભારસ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૩૧. | શ્રી ઈમાનુએલ એસ. ખ્રિસ્તી | આભારસ્તુતિ | ૧૦૦૦-૦૦ |
| ૩૨. | શ્રીમતી કલ્પનાબહેન વી. ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૩૩. | શ્રીમતી કલ્પનાબહેન વી. ક્રિસ્ટી | આભારસ્તુતિ | ૧૦૦૦-૦૦ |
| ૩૪. | શ્રીમતી મેરેલીનબહેન એન. ચૌહાણ | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૩૫. | શ્રીમતી મેરેલીનબહેન એન. ચૌહાણ | પુઅરફંડ | ૩૦૦૦-૦૦ |

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા.૫-૩-૨૧ વિશ્વપ્રાર્થનાદિન નિમિત્તે સાંજે ચર્ચમાં પ્રાર્થના સંગત ચલાવવામાં આવી. સર્વ બહેનોએ વાંચન-પ્રાર્થનામાં દોર્યા. દાનાર્પણ લેવામાં આવ્યું.
- તા. ૭-૩-૨૧ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
- તા. ૧૧-૩-૨૧ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની ડિસ્ટ્રીક્ટની પ્રાર્થના મિટીંગમાં સિયોન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતીમાં હાજરી આપી. વચનની સેવા આપી.
- તા. ૧૪-૩-૨૧ રવિવારની ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ પાસ્ટરેટ કમિટી મલી.
- તા. ૨૧-૩-૨૧ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી.
- તા. ૨૬-૩-૨૧ દુઃખ સહન સપ્તાહના રેકોર્ડીંગ માટે મેથોડિસ્ટ ચર્ચ રાયખડમાં હાજરી આપી.
- તા. ૨૮-૩-૨૧ પામ સન્ડેની ભજનસેવા ચલાવવામાં આવી. ચર્ચમાં ખજૂરીની ડાળીઓ કાપી અને લગાવવાની સેવા શ્રી એન્થનીભાઈ ક્રિશ્ચિયન અને શ્રી દિનેશભાઈ પગીએ આપી. આભાર.
- ભજનસેવા બાદ સન્ડેસ્કૂલના બાળકોની ઓનલાઈન પરીક્ષા લેવામાં આવી. સન્ડેસ્કૂલ સુપ્રિન્ટેન્ડેન્ટ અને શિક્ષકોએ હાજર રહી દોરવણી આપી. આ સાથે શ્રી ઓનિલભાઈ ગામડીયા, શ્રી કેનિથભાઈ ટેલર, શ્રી નિલય ચૌહાણ અને કુ. શાલીન ગામડીયા હાજર રહી મદદરૂપ બન્યા. સન્ડેસ્કૂલ પરીક્ષા દરમિયાન હાજર રહેલ સર્વ માટે બપોરના જમવાની વ્યવસ્થા શ્રી ઓનિલભાઈ ગામડીયા અને શ્રીમતિ પારૂલબહેન ગામડીયા પરિવાર તરફથી આપવામાં આવ્યું હતું. કુટુંબનો ખૂબ આભાર.
- તા. ૨૮-૩-૨૧ સાંજે ૬-૦૦ કલાકે શ્રી ઈમાનુએલ એસ. ખ્રિસ્તીના નવા ઘરને (ન્યુ મણીનગર, મારૂતિ બ્લીસમાં) પ્રાર્થના સાથે ખુલ્લુ મૂકવામાં આવ્યું. અભિનંદન.
- લેન્ટ ઋતુ દરમિયાન દર બુધવાર અને શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે પ્રાર્થના સંગત ચલાવવામાં આવી હતી.
- કીટ વિતરણ : ઈસ્ટર તહેવાર પ્રસંગે જરૂરિયાતમંદ ૧૩ કુટુંબને કરિયાણાની કીટ આપવામાં આવી હતી. આ કીટ બનાવવામાં શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન અને ચર્ચ સુધી પહોંચાડવામાં શ્રી શામીભાઈ ગામડીયા મદદરૂપ બન્યા. આભાર.
- બેનર : આ વર્ષનું ચર્ચનું મુદ્રાલેખ 'ઈસુ તરફ લક્ષ રાખો' રાખેલ છે. શ્રી રોહિતભાઈ ફ્રાન્સિસ તરફથી આ પ્રમાણેના બે બેનર બનાવીને આપવામાં આવ્યા છે. આભાર.

## BIRTHDATE'S IN APRIL

| તારીખ | નામ |
|---|---|
| ૧/૪ | લીલાબેન જોસફભાઈ ક્રિશ્ચિયન |
| ૩/૪ | સામી આલ્ફ્રેડ ગામડીઆ |
| ૬/૪ | સુધાબેન એચ. કુંજરાવીયા (USA) |
| ૭/૪ | રોઝમેરી આર્નોન પેલમોર |
| ૯/૪ | શાલીન શૈલેષભાઈ માસ્ટર |
| ૧૨/૪ | સોલોમનભાઈ ટી. રૂબી |
| ૧૬/૪ | રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન |

| તારીખ | નામ. |
|---|---|
| ૧૬/૪ | સેલીના એફ. ગોહિલ |
| ૧૬/૪ | સેનીટા પી. ક્રિશ્ચિયન-ન્યુઝીલેન્ડ |
| ૧૬/૪ | જીજ્ઞેશભાઈ જે. દાસ |
| ૧૬/૪ | લક્ષ્મીબહેન ફેડ્રીકભાઈ રાઠોડ |
| ૧૯/૪ | હર્ષદરાય એ. કુંજરાવીયા (USA) |
| ૨૦/૪ | ડેઝીલ ડિક્સન હેરી |
| ૨૪/૪ | ખ્રિસ્તી ઈવેન્જલીના ઈમાનુએલ |

| તારીખ | નામ. |
|---|---|
| ૨૫/૪ | સલોની નિરવ મહીડા |
| ૨૫/૪ | પારૂલ ઓનિલ ગામડીઆ |
| ૨૬/૪ | નિયંતા કેનેથ ક્રિશ્ચિયન (USA) |
| ૨૭/૪ | કોમલ પ્રકાશ ખ્રિસ્તી |
| ૨૮/૪ | પ્રીમા શરદભાઈ માસ્ટર |
| ૩૦/૪ | રશ્મીકાંત ફિલિપભાઈ મહિડા |
| ૩૦/૪ | દિપાલી પરેશભાઈ પરીખ |

આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા બહેન તરફથી મળેલ છે.